**<u>વર્ષ ૨૦૨૧-૨૨ નવી બાબત</u>**

**(ડિ-સેગ) દ્વારા સંચાલિત પ્રોજેક્ટના મોનિટરીંગ અને ઈવેલ્યુએશન યોજનાના અમલીકરણ અંગે.**

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **VKY-2020-913-NI-02-P**

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૬/૦૮/૨૦૨૧.

**<u>વંચાણે લીધા</u> :-**

(૧) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) ગાંધીનગરનો તા.૧૦/૧૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:વકય/2020/2758/ડી-સેગ/2301.

(૨) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) ગાંધીનગરનો તા.૨૩/૧૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: વકય/2020/2758/ડી-સેગ/2448.

(૩) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) ગાંધીનગરનો તા.૨૦/૦૨/૨૦૨૧ નો પત્ર ક્રમાંક:VKY/2019/2758/D-SAG/537-38.

(૪) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) ગાંધીનગરનો તા.૦૧/૦૭/૨૦૨૧ નો પત્ર ક્રમાંક: વકય/2020/2758/ડી-સેગ/1396-97.

**<u>પ્રસ્તાવના</u> :-**

ઉક્ત વંચાણે લીધેલા ક્રમાંક (૧) ના પત્રથી જણાવ્યા મુજબ આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) દ્વારા સંચાલિત વિવિધ પ્રોજેક્ટની અસરકારકતા ચકાસવા ડી-સેગ દ્વારા અગાઉ મંજૂર થયેલ અને અમલમાં મૂકેલ પ્રોજેક્ટને વધુમાં વધુ આદિજાતિ લોકો યોજનાઓનો પૂરતો લાભ મેળવી શકે તે માટે પ્રોજેક્ટ/યોજનાનું મોનિટરીંગ અને ઇવેલ્યુએશન કરવું ખૂબ જ જરૂરી જણાય છે. ડી-સેગ દ્વારા અમલીત તમામ પ્રોજેક્ટના મોનિટરિંગ માટે ડી-સેગ દ્વારા ઓનલાઇન સોફ્ટવેર બનાવવામાં આવશે. ડી-સેગ દ્વારા પોજેક્ટના મૂલ્યાંકન માટે ટેન્ડર દ્વારા અમલીકરણ એજન્સીઓની પસંદગી કરવામાં આવશે અને ટેન્ડરમાં પસંદ થયેલ એજન્સીઓને પ્રોજેક્ટની કામગીરી સોંપવામાં આવશે.

ઉક્ત યોજનાનું અમલીકરણ કરવા બાબતે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત દ્વારા ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ

તથા વંચાણે લીધા ક્રમાંક (૨), (૩) અને (૪) ના પત્રોથી વખતોવખત ઉક્ત યોજના અંગે પૂર્તતા/સ્પષ્ટતા કરેલ છે. જે બાબતે રૂ.૫૦.૦૦/-લાખ (અંકે રૂપિયા પચાસ લાખ પૂરા)ની નવી બાબતની વર્ષ ૨૦૨૧-૨૨માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે ડી-સેગ દ્વારા સંચાલિત વિવિધ પ્રોજેક્ટ/યોજનાનું મોનિટરીંગ અને ઇવેલ્યુએશન યોજના ચાલુ વર્ષમાં શરૂ કરવાની નવી બાબત માટે વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૫૦.૦૦/-લાખ (અંકે રૂપિયા પચાસ લાખ પૂરા)ની જોગવાઇને નીચેની શરતોને આધીન, આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. પ્રવર્તમાન યોજનામાં નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આઇ.ટી.સંબધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૧૦. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. આ યોજના અંગે કોઈ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૩/૦૨/૨૦૨૧ના ઠરાવ ક્ર.એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ થી સૂચવવામાં આવેલ કાર્યપધ્ધતિ અને કાર્યપ્રણાલિકાને અનુસરીને ઈ-માર્કેટપ્લસ (જી.ઈ.એમ.) પોર્ટલ પરથી કરવાની રહેશે.

૧૨. આઈ.ટી સોલ્યુશન્સની ખરીદી રાજ્ય સરકારની એક્સટેન્ટ પરચેઝ પોલિસી પ્રમાણે કરવાની રહેશે.

૧૩. ડી-સેગની મોનીટરીંગ અને ઈવેલ્યુએશન યોજનાના અમલીકરણ અધિકારી તરીકે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨નાં અંદાજપત્રમાં માંગણી ક્રમાંક : ૯૬ આયોજન, મુખ્ય સદર : ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: ૫૩ વકચ-૪૧ આદિજાતિ આધુનિકરણ આવર્તક ખર્ચ હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૨/૦૮/૨૦૨૧ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિપુલ રાઠવા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના** :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ.) કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર ૧૦ એ ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલેપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- સિલેકટ ફાઇલ.